દાદા ભગવાન પરિવારનું

સપ્ટેમ્બર ૨૦૨૪

પ્રતિ પ્રત ભાવ : ₹ ૨૦/-

# અક્રમ એક્સપ્રેસ



# સંપાદકીય

બાળમિત્રો,

ક્રિશની બર્થ ડે પાર્ટીમાં વિવેક ટાઈમસર ના પહોંચ્યો. ક્રિશે વિવેક પર બહુ જ ગુસ્સો કર્યો, 'તને તો મારી પડી જ નથી. આજથી તું મારો ફ્રેન્ડ નહીં.' થોડા દિવસ પછી, ટ્રાફિકના કારણે ક્રિશને સ્કૂલે પહોંચતા લેટ થયું અને ટીચરે એને પનિશ કર્યો. ત્યારે ક્રિશને થયું, 'મારે તો ટાઈમસર જ પહોંચવું હતું, ટ્રાફિકના કારણે ના પહોંચી શક્યો.' પણ, ક્રિશે જ્યારે વિવેકનું નેગેટિવ જોયું ત્યારે આવું કેમ ના વિચાર્યું ?

શું આપણે પણ ક્રિશની જેમ સમજ્યા વગર આપણા ફ્રેન્ડ્સનું નેગેટિવ જોઈને ફ્રેન્ડશિપ તોડી નાખીએ છીએ ? આસપાસના લોકો માટે વિચાર્યા વગર નેગેટિવ અભિપ્રાયો બાંધી દઈએ છીએ ?

ચાલો, આ અંકમાં જોઈએ કે સ્વરાને શું મળ્યું જેનાથી એની નેગેટિવ દૃષ્ટિ બદલાઈ ગઈ ? આનંદીએ દવાખાનામાં શું જોયું ? સાથે સાથે જ્ઞાનીની પૉઝિટિવ સમજણ મેળવીએ અને જાદુઈ ચશ્માથી બધામાં પૉઝિટિવ જોતા શીખીએ.

- ડિમ્પલ મહેતા

# જાદુઈ ચશ્મા


વર્ષ : ૧૭, અંક : ૦૧
સળંગ અંક : ૧૯૩
સપ્ટેમ્બર ૨૦૨૪



સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : ૯૩૨૮૬૬૧૧૬૬/૭૭
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org



Editor: Dimple Mehta

Printer & Published by
Dimple Mehta on behalf of
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421.
Taluka & Dist - Gandhinagar

Owned by and Published from
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421.
Taluka & Dist - Gandhinagar

Printed at
Amba Multiprint
Opp. H B Kapadiya New High School,
Chhatral-Pratappura Road,
At-Chhatral, Tal. Kalol
Dist. Gandhinagar – 382729.



© 2024, Dada Bhagwan Foundation
All Rights Reserved



## અક્રમ એક્સપ્રેસ

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૨૦૦ રૂપિયા
પાંચ વર્ષ
ભારત : ૧,૦૦૦ રૂપિયા
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# જ્ઞાનીઓ કહે છે...



## પૉઝિટિવ જોવાથી અંદર બહુ શાંતિ રહે. નેગેટિવ હંમેશાં ભોગવટો આપે.

પ્રશ્નકર્તા : પણ મને પૉઝિટિવ નથી દેખાતું.

પૂજ્યશ્રી : આપણા ચશ્મા વાંકા છે એટલે નથી દેખાતું. બાકી હોય કે ના હોય, એ તપાસ જ ક્યાં કરી છે ? અભિપ્રાય આપી દીધો, આ લોકો આવા જ છે. આપણે નિરીક્ષણ કરવું પડે, ઓબ્ઝર્વેશન. આમ ઓબ્ઝર્વેશન કરીએ તો પૉઝિટિવ જડે. બાકી અભિપ્રાય ના આપી દેવાય કે આમાં પૉઝિટિવ છે જ નહીં, નેગેટિવ જ છે.

રસોડામાં છરી લોકોના આંગળા જ કાપી નાખનારી હોય છે ? ના, આપણને વાપરતા નથી આવડતું એટલે આંગળી છોલાઈ જાય છે. નહીં તો છરી કોબી કાપે, ટામેટા કાપે, માખણ ચોપડે. કેટલું સરસ કામ કરે. હવે છરીનું કામ ચમચી કરે ખરી ? એ ચમચી નકામી છે ને છરી સારી છે, કંઈ કહે કહે કરવાની જરૂર ખરી ? એટલે બધા એની જગ્યાએ યોગ્ય છે. આપણે ભૂલ કાઢવા જેવું નહીં.



આપણા ચશ્માના કાચમાં તડ હોય ને સામે વિચિત્ર દેખાય છે. આપણને લાગે આ બહાર કેમ ખરાબ દેખાય છે ? પછી કોનો વાંક કાઢવાનો ? કાચનો વાંક છે કે સામી વ્યક્તિ વાંકીચૂંકી થઈ ગઈ છે ? આપણા ચશ્મા વાંકું દેખાડે છે. પેલું વાંકું નથી.

વાંકું જોયું એનું પ્રતિક્રમણ કરવાનું. તો આપણે ચોખ્ખા થઈએ અને ગુનો ધોવાઈ જાય.

નેગેટિવ અભિપ્રાયને લીધે ગુસ્સો આવે તો પૉઝિટિવ અભિપ્રાય કરવા.
દા.ત : ટીચર બહુ ગુસ્સાવાળા છે એવો નેગેટિવ અભિપ્રાય હોય તો તેની સામે, 'ટીચર બહુ સારા છે, બહુ ઉપકારી છે', એવા પૉઝિટિવ અભિપ્રાય કરી નાખીએ તો ગુસ્સો ઊડી જાય.



# આતો નવી જ



નેગેટિવ તો પોતાને નુકસાન કરે ને સામાનેય નુકસાન કરે. પૉઝિટિવ પોતાનું હિત કરે ને બીજાનું પણ હિત કરે.

'મારે પૉઝિટિવ જોવું છે, મારે પૉઝિટિવ જોવું છે', એવું નક્કી કરશો તો સવળું દેખાશે.



# વાત !







હું તમારી માટે ઊંધું માન્યા કરું તો તમે જેટલી વાર મને ભેગા થાઓને ત્યારે તમને મારી સાથે વાત કરવાનું ગમે જ નહીં. કેમ ? મારા નેગેટિવ અભિપ્રાય તમને ભોગવટા આપે.

દા.ત : સ્કૂલનો મૉનિટર તમને ના ગમતો હોય તો જ્યારે જ્યારે એ તમને મળે ત્યારે એને તમારી સાથે વાત કરવાનું ના ગમે. કારણ કે, તમારા નેગેટિવ અભિપ્રાય તમારા કહ્યા વગર જ એના સુધી પહોંચી જાય.



ખુશાલી અને આનંદી
આનંદી, મેં તને મારી વસ્તુઓ અડવાની ના પાડી છે ને, તોય તને મારી જ વસ્તુઓ જોઈતી હોય છે.
સૉરી દીદી. તું આજે સ્કૂલે ઘડિયાળ પહેરી જવાનું ભૂલી ગઈ, એટલે મેં પહેરી લીધી.
હવે હું કબાટમાં એવી રીતે મૂકી દઉં કે તારા હાથમાં જ ના આવે.
થોડા દિવસ પછી.
મમ્મી, મારા બર્થ ડે પાર્ટીની થીમ આપણે 'ગ્રીન' રાખીશું.
બધાએ 'ગ્રીન' કલર પહેરીને આવવાનો. બધી જ વસ્તુઓ પણ ગ્રીન હશે.
અને હું મારી પાર્ટી માટે એક 'ગ્રીન' કલરનો ડ્રેસ ખરીદીશ.
દીદી, તો હું તારું પેલું ગ્રીન ટી શર્ટ પહેરી શકું ?
જરાય નહીં. તારી પાસે ગ્રીન કલરના બીજા કેટલા કપડાં છે. તું એમાંથી કંઈક પહેરી લેજે.


બર્થ ડે પાર્ટીના દિવસે.
હાય આનંદી, આપણી બર્થ ડે ગર્લ ક્યાં ગઈ ?
એ તો તૈયાર થાય છે. ખબર છે પ્રીતિ દીદી, ખુશાલી દીદી પાસે પણ આવું જ ટી શર્ટ છે.
અરે, આ તો ખુશાલીનું જ છે. ચલ, હું એને મળી આવું.
દીદીને હું કેમ નથી ગમતી ? એ એની ફ્રેન્ડ્સને એની વસ્તુઓ આપે છે, પણ મને ક્યારેય નહીં.
હેપ્પી બર્થ ડે માય ડિયર. જો, હું તારા માટે શું લાવી.
ઓહ વાઉ ! અમેરિકાની સ્પેશિઅલ ચૉકલેટ્સ ! હું ચૉકલેટને અને ચૉકલેટ મને ગમે ત્યાંથી શોધી જ લે છે.
પણ દીદી, તારે હમણાં આટલી બધી ચૉકલેટ્સ ના ખાવી જોઈએ. તારી દાંતની ટ્રીટમેન્ટ ચાલે છે ને.
આવું નક્કી કરવાવાળી તું કોણ ? તને જોઈએ છે એટલે ને ? તું મારી વાતમાં વચ્ચે ના બોલીશ.
બીજા દિવસે ખુશાલીની દાંતના ડૉક્ટર સાથે એપૉઈન્ટમેન્ટ હતી.
ખુશાલી, તારી એપૉઈન્ટમેન્ટ પતાવીને આપણે વીણા આન્ટી સાથે શૉપિંગ કરવા જઈશું. આન્ટી પણ આપણી સાથે જ આવશે.


મમ્મી, હું પણ આવું ?
ખુશાલી ના પાડે એ પહેલા મમ્મીએ હા કહી દીધી.
દવાખાનામાં.
અરે, આ ખુશાલી ક્યાં જતી રહી ? એનો નંબર આવવાનો છે અને આ છોકરી ગાયબ થઈ ગઈ. આનંદી જા જોઈ આવ તો.
જે જોયું એનાથી આનંદી સ્તબ્ધ થઈ ગઈ. દવાખાનાથી લઈને ઘરે પાછા ફરતા સુધી એ કંઈ જ ના બોલી.
ઘરે પહોંચીને.
શું થયું આનંદી ? કેમ આટલી ચૂપ ચૂપ છે ? આમ તો આખો ટાઈમ બક બક કર્યા કરે છે !
આનંદી દીદીને ભેટી પડી.


દીદી, દવાખાનામાં હું તને શોધવા આવી ત્યારે મેં જોયું કે તેં તારી બધી ચૉકલેટ્સ ગરીબ બાળકોને આપી દીધી.
તને તો ચૉકલેટ્સ કેટલી બધી ભાવે છે. તો પણ તેં બધાને વહેંચી દીધી. તું મારી ચૉકલેટ્સ પણ લઈ લે.
કેમ ? મારા દાંતની ટ્રીટમેન્ટ પૂરી જ નથી થવા દેવી કે શું ?
દીદી, તું તો કેટલી સારી છે ! પણ, તું મારી સાથે તારી વસ્તુઓ શેર કેમ નથી કરતી ?
નંદુ, પ્રીતિ પાસે પાર્ટીમાં પહેરવા માટે કોઈ કપડાં જ નહોતા. અને તારી પાસે કેટલા છે ? અને તું જ મને કહે કે આ પહેલા તેં મારી કેટલી ઘડિયાળો બગાડી છે ?
સૉરી દીદી, હું તને હંમેશાં ખોટી સમજતી રહી. પણ તું તો કેટલી...
બસ બસ હવે, બહુ મસ્કા પૉલીસ ના કરીશ !

*આલુએ સ્કેટિંગ કૉમ્પિટિશનમાં જીત્યા પછી ચીલીએ એના માટે સરપ્રાઇઝ પાર્ટી રાખી હતી. ત્યાં ચીલીને અંદર ગરમ ગરમ લાગી રહ્યું હતું એટલે એ બાય કહ્યા વગર જ પાર્ટી છોડીને ઘરે આવી ગયો. આલુ પાર્ટી પછી ચીલીને મળવા એના ઘરે આવ્યો છે. ચીલીને એને મળવાની જરાય ઈચ્છા નથી. હવે આગળ...*






મને અંદર એટલું 'ગરમ ગરમ' લાગી રહ્યું હતું. પણ આલુને તો મારી કંઈ પડી જ નહોતી. એનું ધ્યાન તો પોતાની ટ્રોફીમાં જ હતું.

આલુ પોતાના વખાણ કરી કરીને બૉર નહોતો થયો પણ હું એની વાતો સાંભળીને કંટાળી ગયો હતો. બરાબર છે કે એ જીતી ગયો છે, પણ આવી રીતે નૉન સ્ટૉપ પોતાના વખાણ કોણ કરે ? એ મને કહેવા લાગ્યો કે, "થીઓ તો 'ચીલી શૅક'નું નામ બદલીને 'આલુ શૅક' કરવા માગે છે." પણ મેં તો એને કીધું કે, "તું એનું નામ 'આલુ-ચીલી શૅક' કરી નાખ. કેમ કે, ચીલીની સિંગિંગ કૉમ્પિટિશન આવે છે અને આ વખતે એ પણ જીતવાનો જ છે."



મને થયું કે એક તો 'ચીલી શૉક'માં 'આલુ' ઘૂસી ગયો અને એમાં પણ આલુનું નામ પહેલા ? આમાં ખુશ થવા જેવું શું છે ? પછી આલુએ મને કહ્યું કે, 'ચીલી, થેન્ક યૂ. તે મારી બહુ હેલ્પ કરી.' અને પછી એણે મને એની ટ્રોફી આપી દીધી. એની આ વાતથી મને એટલું ઠંડું લાગ્યું, એટલું ઠંડું લાગ્યું કે કંઈક ઠંડું ખાવાની ઈચ્છા થઈ હતી એ પણ ઊડી ગઈ. મેં તરત એને કહી દીધું...




હવે તો મારે જીતવું જ પડે એવું છે. જતાં જતાં આલુએ મને કહ્યું, 'મોડે સુધી ના જાગીશ. તારા અવાજ માટે સારું નથી. આપણે સવારે રિયાઝ કરવા મળીશું.' રિયાઝના વિચારથી મને મસ્ત ઊંઘ આવી ગઈ.



સવારે ઊઠીને...

અત્યાર સુધી અમે આલુની સ્કૅટિંગ પ્રેક્ટિસ કરતા હતા. હવે અમે મારી સિંગિંગ પ્રેક્ટિસ કરવા મળીશું. અને જ્યારે હું આ કૉમ્પિટિશનમાં જીતી જઈશ ત્યારે આલુની જેમ હું મારી વિનિંગ સ્પિચમાં એને ભૂલી નહીં જઉં.

મારી સફળતાનું કારણ મારો મધુર અવાજ ને આલુનું પ્રોત્સાહન. બધાએ કહ્યું હતું કે કોકો કોયલને કોઈ ના હરાવી શકે. પણ મને મારા પર પૂરો વિશ્વાસ હતો.

અને હજુ તો હું ટ્રોફી લેવાનો વિચાર કરતો જ હતો ત્યાં તો પાર્સલી ઊડીને મારા મોઢાની સાવ નજીક આવીને ઊભો રહ્યો. અચાનક પાર્સલીને આટલા ક્લોઝ અપમાં જોઈને મને સખત શૉક લાગ્યો. એટલું જ નહીં, પણ એ કંઈક ગાઈ રહ્યો હતો. પાર્સલીને ગાતો સાંભળવો એટલે જીવનનું સૌથી મોટું દુર્ભાગ્ય કહેવાય. તમે એને ગાતા સાંભળો તો તમને એમ લાગે કે, 'કાશ, મને સંભળાતું બંધ થઈ જાય !'

પણ આ પાર્સલી શું ગાઈ રહ્યો છે. મને કેમ ચક્કર આવવા લાગ્યા ?

**અચાનક આ શું થઈ ગયું ? પાર્સલીએ એવું તો શું ગાયું કે થોડી વાર પહેલા મસ્ત મજાના સપનાં જોઈ રહેલા ચીલીને અચાનક ચક્કર આવી ગયા ?**

# ચશ્માનું બૉક્સ

એક સુંદર મજાની છોકરી. નામ તેનું સ્વરા. દેખાવમાં રૂડી-રૂપાળી ને નાજુક નમણી. પરંતુ બોલવા માટે મોં ખોલે ત્યારે એમ લાગે કે આ છોકરી કંઈ ના બોલે એ જ સારું.

દાદી તો સ્વરા માટે હંમેશાં એમ જ કહે, 'આ છોકરીનું શું થશે ? ગુસ્સો તો કાયમ એના નાક પર જ બેઠો હોય.'

મમ્મી કહે, 'પહેલા તો સ્વરા આવી ન હતી. બધાની વાત સાંભળતી હતી. અને હવે ? હવે તો તેને બધાથી ફરિયાદ જ રહ્યા કરે છે.'

જો નાનો ભાઈ સુકેતુ કંઈ બોલે તો સ્વરા તરત જ બોલી ઊઠે, 'તારે તો વચ્ચે બોલવાનું જ નહીં. તારા કારણે જ બધા મને વઢે છે. તું મામાના ઘરે ચાલ્યો જાય તો કેટલું સારું !'




આ સાંભળીને સુકેતુને નવાઈ લાગે. તે મનમાં વિચારે, 'અરે, હું તો દીદીને રમવા બોલાવવા આવ્યો હતો. પણ...'

સ્કૂલમાં એક્ઝામ નજીક આવી રહી હતી. તેથી બન્ને ભાઈ-બહેનને ઝઘડવાનો સમય જ મળતો ન હતો. સ્વરા એક્ઝામની તૈયારીમાં લાગી ગઈ.

તે સાંજે પપ્પા ઑફિસથી ઘરે આવ્યા અને મોટેથી બધાને કહ્યું, 'જેને ગુલાબપાક ખાવો હોય તે ફટાફટ હાથ ધોઈને ડાઈનિંગ ટેબલ પર આવી જાય.'

'ગુલાબપાક...' બોલતા બોલતા તો સ્વરાના





મોંમાં પાણી આવી ગયું. એણે બૉક્સ હાથમાં લેતા કહ્યું, 'બધાને આજે એક-એક ટુકડો મળશે. બૉક્સમાં બાકી રહે તે બધી જ મીઠાઈ મારી. યા...હુ... મજા આવી જશે.'

સ્વરાની વાત સાંભળીને મમ્મી બોલી ઊઠ્યા, 'સ્વરા, તું પણ એક ટુકડો ખાજે. નહીં તો બીમાર થઈ જઈશ.' સ્વરાએ બધાને એક-એક ટુકડો આપ્યો. અને એણે ફટાફટ ત્રણ ટુકડા મોંમાં મૂકી દીધા.

દાદીમાએ સ્વરાના હાથમાંથી બૉક્સ લઈ લીધું અને તે મોં ફુલાવીને વાંચવા માટે જતી રહી. એણે મનમાં વિચાર્યું કે, 'દાદી પોતે મીઠાઈ નથી ખાઈ શકતા એટલે મને પણ ખાવા નથી દેતા. અને સુકેતુ એક માગે તો બે આપે.' સ્વરાનું મન વિચારોમાં એવું ખોવાઈ ગયું કે વાંચવામાં મન લાગ્યું જ નહીં.

બીજા દિવસે સ્વરાના ગળામાં દુખાવો થવા લાગ્યો. ડૉક્ટરે કહ્યું કે, 'ગળી વસ્તુ વધારે ખાવાથી ગળામાં ઈન્ફેક્શન થઈ ગયું છે. ત્રણ દિવસ સુધી ખાવામાં ધ્યાન રાખજો અને આ દવા લેજો.'

ચાર-પાંચ દિવસમાં સ્વરાને એકદમ સારું થઈ ગયું. હવે બે દિવસ બાદ પરીક્ષા શરૂ થવાની હતી. તેને અચાનક ગુલાબપાક યાદ આવ્યો. એણે મમ્મીને કહ્યું, 'મમ્મી કંઈક ગળ્યું ખાવાનું મન થયું છે. પપ્પા ગુલાબપાક લાવ્યા હતા એ આપો ને.'

'અરે બેટા, એ ગુલાબપાક તો પૂરો થઈ ગયો. તારી પરીક્ષા પછી પપ્પા પાસે ફરી મંગાવીશું.' મમ્મીએ કહ્યું.


મમ્મીની વાત સાંભળી સ્વરાએ બીજું કંઈક ખાવાનું વિચાર્યું. બીજો નાસ્તો શોધતા તેને એક બૉક્સ મળ્યું, જેમાં ગુલાબપાક હતો. આ જોઈને એણે મમ્મી પર ગુસ્સો કર્યો, 'મને ખોટું કેમ કહ્યું? ગુલાબપાક તો હજુ છે.'

'ઓહ, મને તો એમ કે...'

મમ્મીનું વાક્ય પતે એ પહેલા સ્વરા ત્યાંથી કંઈ પણ ખાધા વગર ચાલી ગઈ.

બે દિવસ પસાર થઈ ગયા. પરીક્ષા પણ શરૂ થઈ ગઈ. છેલ્લા ત્રણ-ચાર દિવસથી જે ઘટનાઓ બની રહી હતી તેના વિચાર હજુ પણ સ્વરાના મનમાં ચાલતા હતા. તેના કારણે પહેલા બે પેપર બહુ સારા ના ગયા. આજે તેના ગમતા વિષય ગણિતનું પેપર હતું. એણે ભગવાનને યાદ કરી પેપર લખવાની શરૂઆત કરી.

એકાદ કલાક પેપર લખ્યા બાદ તેને કંઈક અવાજ સંભળાયો. પાછળ વળીને જોયું તો તેની પાછળ બેઠેલી બે ફ્રેન્ડ્સ કાવ્યા અને નવ્યા, સ્વરાને ધીમેથી કંઈ કહેવાની કોશિશ કરી રહી હતી. ચાલુ પરીક્ષામાં કોઈ એની સાથે વાતો કરે એ સ્વરાને બિલકુલ પસંદ નહોતું. તેથી એણે બન્નેને ચૂપચાપ પેપર લખવા કહ્યું.



તે જ વખતે ટીચર બધાને વાતો કરતા જોઈ ગયા. તેમણે સ્વરાને કહ્યું, 'જો ફરી કોઈને કંઈ પૂછ્યું છે તો પેપર લઈ લેવામાં આવશે.'

સ્વરા ઊભી થઈને કંઈક કહેવા ગઈ પણ તેની વાત સાંભળ્યા વગર જ ટીચરે એને બેસાડી દીધી. આ જોઈને તેને તેના ટીચર અને ફ્રેન્ડ્સ બન્ને પર ગુસ્સો આવ્યો. અને એનું પેપર પણ સારું ના ગયું. એક્ઝામ પછી કાવ્યા અને નવ્યા સ્વરા સાથે વાત કરવા ગયા પણ તે તો એમની સામે જોયા વગર જ ભાગી ગઈ.

ઘરે પહોંચી ત્યારે મમ્મીએ ખુશ થઈને કહ્યું, 'તારા નવા ચશ્મા આવી ગયા છે. દાદાજી હમણાં જ લઈને આવ્યા. જોઈ લે કેવા છે.' પણ સ્વરાને નવા ચશ્મા પહેરવાનો કોઈ ઉત્સાહ ના આવ્યો.

બીજા દિવસે એ એક્ઝામ હૉલમાં પહોંચી. પેપર શરૂ થવામાં દસ મિનિટ બાકી હતી. એણે નવા ચશ્મા પહેર્યા. પાછળ ફરીને જોયું તો નવ્યા વિચારતી હતી કે, 'આ એક્ઝામ હૉલની ઘડિયાળ બંધ પડી ગઈ છે. કાલે સ્વરાને એ જ તો કહેવું હતું. પણ એ ગુસ્સે થઈ ગઈ. કેવી રીતે કહું ? બસ, તેનું પેપર અધૂરું ના રહી જવું જોઈએ.'

સ્વરાને નવાઈ લાગી. એણે ચશ્મા કાઢીને નવ્યા સામે જોયું તો તે શાંતિથી બેઠી હતી. ફરી એણે ચશ્મા પહેરી કાવ્યા સામે જોયું. તે વિચારી રહી હતી કે, 'ભલે સ્વરા મારા પર ગુસ્સે થાય. પણ આજે તો તેને કહી જ દેવું છે કે હૉલની ઘડિયાળ બંધ છે.' અને એક્ઝામ શરૂ થવાને પાંચ જ મિનિટની વાર હતી ત્યારે એણે સ્વરાને ધીમા અવાજે કહી દીધું, 'સ્વરા, તારી હાથની ઘડિયાળનો ઉપયોગ કરજે.' સ્વરાએ પાછળ વળીને


ઓકે કહ્યું. એ વિચાર કરવા લાગી કે, 'કાલે મેં મારા ફ્રેન્ડ્સ માટે કેવું કેવું વિચાર્યું અને તેઓ તો મારા ભલા માટે વિચારી રહ્યા હતા.'



એક્ઝામ શરૂ થઈ ગઈ. ટીચર સામે જોઈને સ્વરા બે મિનિટ માટે થોભી ગઈ. તેઓ ચિંતિત મને વિચારી રહ્યા હતા કે, 'ગઈ કાલે ક્લાસમાં વાતચીત થઈ રહી હતી. આજે કોઈ વાતો ના કરે તો સારું. જો બહારથી કોઈ તપાસ માટે આવી ગયું તો મારા સ્ટૂડન્ટ્સને લેવાદેવા વગર સજા મળી જશે.'

સ્વરાને સમજાતું નહોતું કે તેની સાથે આ શું થઈ રહ્યું છે. તે ઘરે પહોંચી. મમ્મી રસોડામાં કંઈક કામ કરી રહ્યા હતા. સ્વરાએ ચશ્મા પહેર્યા તો મમ્મીના મનની વાત એણે જાણી. મમ્મી વિચારી રહ્યા હતા કે, 'હું તો ભૂલી જ ગઈ કે ડબ્બામાં ગુલાબપાક બચ્યો છે. પણ સારું થયું સ્વરાએ વાસી ગુલાબપાક ના ખાધો. પરીક્ષા પછી હું એના માટે ફ્રેશ મીઠાઈ બનાવી દઈશ.' અને પૂજા ઘરમાં બેઠા બેઠા દાદી વિચારી રહ્યા હતા કે, 'હે ભગવાન, મારી સ્વરાની પરીક્ષા સારી જાય.'

'ઓહો... હું કેટલી ખોટી હતી. હું જ્યારે બધાનું નેગેટિવ જોતી હતી ત્યારે એ બધા તો મારા સારા માટે જ વિચારતા હતા. મેં બધાને કેટલું બધું દુઃખ આપ્યું.' ત્યાં બાજુમાંથી સુકેતુ પસાર થયો. તેને થયું કે આ બધા ભલે મારા માટે પૉઝિટિવ વિચારતા હોય. પણ સુકેતુ તો મારા માટે નેગેટિવ જ વિચારતો હશે.




એમ વિચારી એ સુકેતુ પાછળ ઊભી રહી. તે વિચારતો હતો કે, ''દીદી આવશે ત્યારે હું તેને જ આ દાખલા પૂછીશ. મારી દીદી ગણિતમાં બેસ્ટ છે. હું એને બહુ હેરાન કરું છું. પણ મને દીદી વગર ગમતું જ નથી. હું એને 'સૉરી' કહી દઈશ.'' આ જાણીને સ્વરા દોડીને તેના રૂમમાં જતી રહી. તેની આંખો આંસુથી છલકાઈ ગઈ.

થોડીવાર પછી કોઈએ તેના ખભા પર હાથ મૂક્યો. સ્વરાએ પાછળ વળીને જોયું તો દાદાજી હતા. ચશ્માનું બૉક્સ સ્વરાને આપીને કહ્યું કે, 'સૉરી બેટા, કાલે ભૂલથી બીજું બૉક્સ લઈ આવ્યો હતો. આ લે તારા ચશ્મા.'


દાદાજી આગળ કંઈ બોલે એ પહેલા જ સ્વરા તેમના હાથ પ્રેમથી પકડીને બોલી, 'તમારી આ ભૂલે મારી દૃષ્ટિ ખોલી આપી. આ જાદુઈ ચશ્મા મારી પાસેથી કોઈ લઈ જશે તો પણ આ પૉઝિટિવ દૃષ્ટિ હવે મારી સાથે જ રહેશે.'

સ્વરા શું કહી રહી હતી તે દાદાજીને સમજાયું નહીં, પણ ઘણા દિવસો પછી સ્વરાને આમ હસતા જોઈને એમની આંખો પણ ખુશીથી ચમકી ઊઠી

# ચાલો રમીએ...





૧) તમારા મગજનો ઉપયોગ કરો અને જવાબ આપો.



૨) આપેલા ચિત્રમાં કેટલાં ચોરસ છે એ શોધો.



**૩) એક સરખા દેખાતા ચિત્રમાં ૧૦ તફાવત શોધો.**



ગયા અંકના જવાબ ૧) ૩, ૨) ૧૩

# My Creation

આપેલા ચશ્માને પૂંઠા પર ચોંટાડી કટ કરી લો અને તમારા પોતાના જાદુઈ ચશ્મા બનાવી એને શણગાર કરી અમને તમારા ચશ્માના ફોટા મોકલાવો ૯૩૪૩૬૬૫૫૬૨ પર.



# મીઠી યાદેં

દાદાશ્રીના એક ભત્રીજાથી કુટુંબના લોકો અને એમના આડોશી-પાડોશી ખૂબ કંટાળી ગયેલા. એ ભાઈને કંઈ કામકાજ કરવું ગમે નહીં. એમની કઠોર વાણી લોકોને એવી વાગે કે એમની આસપાસ રહેવું પણ મુશ્કેલ થઈ જાય.

એક વખત આ ભત્રીજા દાદા પાસે રહેવા આવ્યા. પૈસા કમાવવા માટે દાદાએ એમને ઘણી જગ્યાએ ગોઠવવાના પ્રયત્નો કર્યા. પણ એમને ક્યાંય ફાવ્યું નહીં. અંતે થાકીને એ જાતે જ પોતાના ઘરે જવા નીકળી પડ્યા. દાદાને ખ્યાલ હતો કે ભત્રીજા પાસે કંઈ ખાસ પૈસા નહોતા. એટલે દાદાએ એમને મુસાફરી પૂરતા થોડા પૈસા મોકલાવ્યા. પણ ભત્રીજાએ લીધા નહીં. એમણે કહ્યું, 'કાકા ગરીબ માણસ છે. ગરીબ માણસના પૈસા મને શું કરવા આપો છો ?'

ત્યાર બાદ કોઈક કારણસર એક કુટુંબના ભાઈ પેલા ભત્રીજાની ફરિયાદ લઈને આવ્યા. ત્યારે દાદાએ કહ્યું, 'ભત્રીજો તો કેટલો સારો છે ! આપણે પૈસા આપીએ છીએ તોય નથી લેતો.' દુનિયામાં જ્યાં બધા પૈસા લઈ લેવા ફરે છે, ત્યારે આ ભાઈ તો આપણે આપવા છતાંય નથી લેતા. આમ, જ્યારે બધા જ એ ભાઈનું નેગેટિવ જોતા, ત્યારે દાદાએ એમનું પૉઝિટિવ શોધી કાઢ્યું. અને દાદાશ્રીની પૉઝિટિવ દૃષ્ટિથી ફરિયાદ લઈને આવનારની ફરિયાદ પણ જતી રહી.

એક વખત દાદા એ ભત્રીજાના ઘરે ગયા. તે જ વખતે એ ભત્રીજાભાઈ એક માઈલ ચાલીને શાક લઈને આવ્યા. ઘરે આવીને જ્યારે એમણે પૈસા ગણ્યા ત્યારે ખબર પડી કે શાકવાળા બહેનનો એક આનો એમની પાસે વધારાનો આવી ગયો છે. દાદાને ઘરે બેસાડીને એ ભાઈ એક માઈલ ચાલીને શાકવાળા બહેનને એમનો એક આનો પાછો આપવા ગયા. એમને થયું કે શાકવાળા બહેન જ્યારે ઘરે જઈને હિસાબ કાઢશે અને એને એક આનો ઓછો દેખાશે તો એને કેટલું દુઃખ થશે ! દાદાએ એમનો આ ગુણ પણ નોંધી લીધો અને પરિવારના લોકોને જણાવ્યો.



આમ, જેમનાથી આખું પરિવાર ત્રાસી અને અકળાઈ ગયું હતું, એમના પૉઝિટિવ ગુણ શોધીને દાદાએ બધાની દૃષ્ટિ પણ સવળી કરી આપી.

### શબ્દ સમજ

એક આનો - જૂના જમાના ના પૈસા (ચલણ). એક આનો એટલે લગભગ ૬ પૈસા

Akram Express

September 2024
Year : 17, Issue : 01
Conti. Issue No.: 193

Date of Publication 8th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. G-GNR-345/2024-2026
valid upto 31.12.2026
Licensed to Post Without
Pre-payment No. PMG/NG/040/2024-2026
valid upto 31.12.2026
Posted at Adalaj Post Office on 8th of every month

**અક્રમ એક્સપ્રેસ માં આવતી સરસ મજાની વાર્તાઓના એનિમેશન વિડીયો જોવા સ્કેન કરો QR Code અને મેળવો અક્રમ એક્સપ્રેસની મસ્ત મસ્ત સ્ટોરીનું વિઝ્યુલ.**




**અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના**

૧.આપનું લવાજમ પૂરું ક્યારે થાય છે, તે કઈ રીતે જાણશો ? આપના આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના એડ્રેસ લેબલ પરના મેમ્બરશીપ નંબરના છેલ્લા છ અંક તપાસો. દા.ત. **AGIT**૫૫૫/૦૮-૨૦૨૮ એટલે તમારું લવાજમ ઓગષ્ટ - ૨૦૨૮માં પૂરું થાય છે.
અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.
૨.જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં.૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો **WhatsApp** કરવો.
૧) કાચી પાવતી નંબર અથવા **ID No.**, ૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

*Publisher, Printer & Editor - Dimple Mehta on Behalf of Mahavideh Foundation*
*Printed at Amba Multiprint, Opp. H B Kapadiya New High School, Chhatral-Pratappura Road, At-Chhatral, Tal. Kalol, Dist. Gandhinagar – 382729.*